# આપણા ગરબા...

## – સંકલિત



પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

18 – 10 – 12

# અર્પણ...

ગુજરાતી સતસાહિત્યના મર્મજ્ઞ અને

સરવાણી હવે ઓનલાઈન પણ વહેવડાવનાર

શ્રી નિરંજનભાઈ રાજ્યગુરૂને સાદર...

http://ramsagar.org

અક્ષરનાદ પર લોકપ્રિય અને સત્વશીલ પુસ્તકો મૂકવાની પ્રક્રિયા વધુ આગળ ધપાવતા હવે આ પ્રકારના સંકલન પણ પ્રસ્તુત કરવાનો યત્ન છે, જે અંતર્ગત આજે થોડા પ્રચલિત ગરબા સંકલન કરીને ઈ-પુસ્તક સ્વરૂપે મૂક્યા છે. આ વાતના પ્રેરણાસ્તોત્ર છે શ્રી નિરંજનભાઈ રાજ્યગુરૂ, સતસાહિત્યની આહલેક જગાવનાર અને વર્ષો સુધી લોક સાહિત્યનો વિગતે અભ્યાસ અને સંશોધન કરનાર એવા શ્રી નિરંજનભાઈની ઓનલાઈન સાહિત્ય સરવાણી [રામસાગર.ઓર્ગ] ને આ ઈ-પુસ્તક સાદર અર્પણ છે.

- જીજ્ઞેશ અધ્યારૂ (18 ઓક્ટોબર 2012)

# અનુક્રમણિકા

અમે મહિયારા રે... – નરસિંહ મહેતા ......7

અંબામાંના ઉંચા મંદિર નીચા મો’લ......9

આશાભર્યાં તે અમે આવિયા......11

આસમાની રંગની ચૂંદડી રે... ......14

ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર... - રાજેન્દ્ર શાહ ......15

તાલીઓના તાલે ગોરી... - અવિનાશ વ્યાસ......18

મોરલી ક્યાં રે વગાડી... - નરસિંહ મહેતા ......20

ગરબે ઘૂમે.... ........................................................................23

એ કે લાલ દરવાજે તંબુ તાણિયા રે લોલ.... ..........................................25

હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ ... .............................................27

કેસરિયો રંગ તને લાગ્યો...............................................................29

છેલાજી રે... - અવિનાશ વ્યાસ .......................................................32

જીરે જીરે ચૂંદડીએ .........................................................................34

ઢોલીડા ઢોલ ધીમો વગાડ ના.........................................................36

દરિયો ડોલેરે માઝમ રાતનો...........................................................38

મારે ટોડલે બેઠો મોર..........................................................................41

સોના વાટકડી રે..... ..........................................................................43

હો રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ... ..........................................................................45

મેંદી તે વાવી માળવે..... ..........................................................................48

મારી મેંદીનો રંગ ઊડી જાય રે..........................................................................51

લટકે હાલો રે નંદલાલજી !..........................................................................54

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ..........................................................................56

# અમે મહિયારા રે... – નરસિંહ મહેતા

અમે મહિયારાં રે ગોકુળ ગામનાં
મારે મહી વેચવાને જાવાં, મહિયારાં રે.... ગોકુળ ગામનાં.

મથુરાની વાટે મહીં વેચવાને નીસરી,
નટખટ નંદનો કિશોર માગે છે દાણજી
મારે દાણ લેવાને દેવા, મહિયારાં રે.... ગોકુળ ગામનાં.

માવડી યશોદાજી કાનજીને વારો,
દુ:ખડાં દીયે હજાર બહુ એ સતાવતો,

મારે દુ:ખ સહેવાં ને કહેવાં મહિયારાં રે.... ગોકુળ ગામના.

યમુનાને કાંઠે કાન વાંસળી વગાડતો,
ભુલાવે ભાન સાન ઊંઘથી જગાડતો,
મારે જોવું ને જાવું મહિયારાં રે.... ગોકુળ ગામનાં.

મહેતા નરસિંહનો સ્વામી લાડકડો કાનજી,
ઉતારો  આતમથી ભવભવના પારથી,
નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારાં રે.... ગોકુળ ગામનાં

## અંબામાંના ઉંચા મંદિર નીચા મો’લ...

અંબા માનાં ઊંચાં મંદિર નીચા મો’લ
ઝરૂખડે દીવા બળે રે લોલ...

અંબામાના ગોખ ગબ્બર અણમોલ,
શિખરે શોભા ઘણી રે લોલ ... અંબા માના...

આવી આવી નવરાત્રિની રાત કે
બાળકો રાસ રમે રે લોલ... અંબા માના...

અંબે મા ગરબે રમવા આવો કે
બાળ તારાં વીનવે રે લોલ... અંબા માના...

અંબે માને શોભે છે શણગાર કે
પગલે કંકુ ઝરે રે લોલ... અંબા માના...

રાંદલમા રાસે રમવા આવો કે
મુખડે ફૂલડાં ઝરે રે લોલ... અંબા માના...

બહુચર ગરબે રમવા આવો કે
આંખથી અમી ઝરે રે લોલ... અંબા માના...

આ તારું દિવ્ય અનુપમ તેજ તે
જોઇ મારી આંખ ઠરે રે લોલ... અંબા માના...

ગરબો તારો બાળ ગવરાવે કે
મસ્તાન તારા પાયે રે લોલ... અંબા માના...

## આશાભર્યાં તે અમે આવિયા...

આશાભર્યાં તે અમે આવિયાં,
ને મારે વહાલે રમાડ્યા રાસ રે... આવેલ...

શરદપૂનમની રાતડી ને,
કાંઇ ચાંદો ચડ્યો આકાશ રે... આવેલ...

વૃંદા તે વનના ચોકમાં,
કાંઇ નાચે નટવર લાલ રે... આવેલ...

વ્હાલે વગાડી રૂડી વાંસળી ને,
કાંઇ સૂણી તર્યાં સહુ લોક રે... આવેલ...

જાતાં ને વળતાં થંભિયાં,

ઓલ્યાં નદીઓ કેતાં નીર રે... આવેલ...

અષ્ટકુળ પર્વત ડોલિયા ને,
ઓલ્યા ડોલ્યા નવકુળ નાગ રે... આવેલ...

મહેતા નરસૈંના સ્વામી શામળા!
સદા રાખો ચરણની પાસ ... આવેલ...
અંબા માનાં ઊંચાં મંદિર નીચા મો'લ
ઝરૂખડે દીવા બળે રે લોલ...

# આસમાની રંગની ચૂંદડી રે...

આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય. ટેક.
ચૂંદડીમાં ચમકે તારલા રે, રૂડા તારલા રે, માની ચૂંદડી લહેરાય.

ચૂંદડીમાં ચમકે હીરલા રે, રૂડા હીરલા રે, માની ચૂંદડી લહેરાય.
શોભે મજાની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.

ચૂદડીમાં ચમકે મુખડું રે, રૂડું મુખડું રે, માની ચૂંદડી લહેરાય.
અંગે દીપે છે ચૂંદડી રે, રૂડી ચૂદડી રે, માની ચૂંદડી લહેરાય.

પહેરી ફરે છે ફેર ફૂદડી રે, ફેર ફૂદડી રે, માની ચૂંદડી લહેરાય.
કલહેરે પવન ઊડે ચૂંદડી રે, ઊડે ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.

આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.

## ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર... - રાજેન્દ્ર શાહ

ઈંધણાં વીણવા ગઈ'તી મોરી સૈયર,
ઈંધણાં વીણવા ગઈ'તી રે લોલ.

વેળા બપ્પોરની થઈ'તી મોરી સૈયર,
વેળા બપ્પોરની થઈ’તી રે લોલ.

ચઈતરનું આભ સાવ સૂનું સૂનું ને તો ય
કંઈથી કોકિલકંઠ બોલે રે લોલ.
વનની વનરાઇ બધી નવલી તે કૂંપળે
દખ્ખણને વાયરે ડોલે રે લોલ.

જેની તે વાટ જોઇ રહી’તી મોરી સૈયર,
જેની તે વાટ જોઇ રહી’તી રે લોલ.
તેની સંગાથ વેળ વ્હૈતી મોરી સૈયર,

તેની સંગાથ વેળ વહી'તી રે લોલ.

સૂકી મેં વીણી કાંઇ ડાળી ને ડાંખળી
સૂકાં અડૈયાંને વીણ્યાં રે લોલ.
લીલી તેપાંદડીમાં મ્હેકંત ફૂલ બે'ક
મારે અંબોડલે ખીલ્યાં રે લોલ.

વાતરક  વ્હેણમાં નૈતી મોરી સૈયર,
વાતરક  વ્હેણમાં નહી'તી રે લોલ,
ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર
ઈંધણાં વીણવા ગઇ'તી રે લોલ.

# તાલીઓના તાલે ગોરી... - અવિનાશ વ્યાસ

તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
આસમાની ચૂંદડીમાં લહેરણિયાં લ્હેરાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.

ગોરો ગોરો ચાંદલિયો ને દિલ ડોલાવે નાવલિયો,
કહેતો મનની વાત રે... પૂનમની રાત...

ઓરી ઓરી આવ ગોરી, ઓરી ઓરી,

ચાંદલિયો હિંચોળે તારા હૈયા કેરી દોરી,
રાતલડી રળિયાત રે... પૂનમની રાત...

તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે.
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.

ગરબે ઘૂમો, ગોરી ગરબે ઘૂમો,
રૂમો ઝૂમો, ગોરી રૂમો ઝૂમો,
રાસ રમે જાણે શામળિયો? જમુનાજીને ઘાટ રે...
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
તાળીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,

પૂનમની રાત... ઊગી પૂનમની રાત.

## મોરલી ક્યાં રે વગાડી... - નરસિંહ મહેતા

ખમ્મા મારા નંદજીના લાલ, મોરલી ક્યાં રે વગાડી.
ગોપીઓ દોડી દોડી જાય, મોરલી ક્યાં રે વગાડી.

હું તો સૂતી'તી મારા શયનભુવનમાં,
સાંભળ્યો મોરલીનો નાદ, મોરલી ક્યાં રે વગાડી.

એ રે મોરલીએ મન મારું મોહ્યું
મેલ્યાં છે ઘર ને બા'ર, મોરલી ક્યાં રે વગાડી.

બેડું મેલ્યું છે મેં તો સરોવર ઝૂલતું,
ઇંઢોણી આંબાની ડાળ, મોરલી ક્યાં રે વગાડી.

છાશ મેલી છે મેં તો ગોળીએ ઝૂલતી
લોટ બધો કૂતરાં ખાય, મોરલી ક્યાં રે વગાડી.

બાળક મેલ્યાં છે મેં તો, પારણિયે ઝૂલતાં,
રોતાં મૂક્યાં નાનેરાં બાળ, મોરલી ક્યાં રે વગાડી.

આંધણ મૂક્યાં છે મેં તો ચૂલા ઉપર ઝૂલતાં
આંધણિયાં ઊભરાઇ જાય, મોરલી ક્યાં રે વગાડી.

રસોઇ કરતી ને ઘેલી ઘેલી ફરતી,
આકુળ વ્યાકુળ મન થાય, મોરલી ક્યાં રે વગાડી.

ભાણું પિરસાવી હું તો જમવાને બેઠી,
ભોજન ઠરી ઠરી જાય, મોરલી ક્યાં રે વગાડી.

મહેતા નરસૈંયાના સ્વામી કહે છે,
વ્હાલે રમાડ્યા, રાસ, મોરલી ક્યાં રે વગાડી.

# ગરબે ઘૂમે....

ગરબે ઘૂમે, રે ગરબે ઘૂમે રે
આજ મારી અંબા ગરબે ઘૂમે
હરખે રમે, મા હરખે રમે રે... આજ

ચાચરના ચોકમાં, તું ગરબે રે ઘૂમતી
ફૂદડી ફરીને મા, તું રાસ રચાવતી
જોઇ જોઇ રાસને હૈયું ઘેલું બને રે... આજ

રાસ નિહાળી દેવો, ભાનને હો ભૂલતા

માને ચરણ પડી, માનવ આનંદના
આનંદ આનંદ આજ છાઇ રહે રે... આજ

સોળે કળાએ માતા ત્યાં તો પ્રકાશતા,
સૂર્ય ચંદ્ર ત્યારે આવી બિરાજતા
'રૂપા' હ્રદય જોઇ ઘેલું બને રે... આજ

રાસ રમે અંબા, કાળકાને બહુચરી
જ્ઞાની અજ્ઞાની સૌની દૃષ્ટિ ત્યાં ઠરતી
માતા મારી તો કંકુ વેરે... આજ

## એ કે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ....

એ કે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ.
એ કે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ.

એક અમદાવાદે નગરી, એને ફરતી કોટે કાંગરી (૨)
માણેકચોકના માંહી, ગુજરી જોવા હાલી,
હે વહુ તમે ના જશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી
એ કે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ.

ત્રણ દરવાજા માંહી, બિરાજે ભદ્રકાલી (૨)

માતાના મંદિરીયે ગુર્જરી જોવા હાલી
હે વહુ તમે ના જશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી
એ કે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ.

સીદી સૈયદની જાળી ગુર્જરી જોવા હાલી (૨)
કાંકરિયાનું પાણી ગુર્જરી જોવા હાલી
હે વહુ તમે ના જશો જોવાને ત્યાં બાદશો બડો મિજાજી
એ કે લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ.

# હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ ...

હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો.

આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો (૨)
આ ઝાલ ઝૂમણાં વહોરતાંને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...

આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો (૨)
આ ચૂડલો ઉતરાવતાં,

વહાણલાં વાહી ગયાં... હો રંગ...

આજ અમે ગ્યા'તા કસુંબીને હાટ જો (૨)
આ ચૂંદલડી વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...

આજ અમે ગ્યા'તા મોચીડાને હાટ જો (૨)
આ મોજડિયું મૂલવતાં ને
વહાણલાં વાહી ગયાં. .. હો રંગ...

હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો.

## કેસરિયો રંગ તને લાગ્યો...

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.ટેક.
આસોનાં નવરાત્ર આવ્યા આલ્યા ગરબા, આસોનાં નવરાત્ર આવ્યાં રે લોલ.

ઝીણાં ઝીણાં જાળિયાં મુકાવ્યાં રે ગરબા, ઝીણાં ઝીણાં જાળિયાં મુકાવ્યાં રે લોલ.
કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા, કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ.

કોના કોના માથે ફર્યો રે ગરબો, કોના કોના માથે ફર્યો રે લોલ.
નાની નાની બેનડીના માથે રે ગરબો, નાની નાની બેનડીના માથે રે લોલ.

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા, કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.
ઘૂમતો ઘૂમતો આવ્યો રે ગરબો, ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ.

હરતો ને ફરતો આવ્યો રે આરાસુર, હરતો ને ફરતો આવ્યો રે લોલ.
મા અંબાએ તને વધાવ્યો રે ગરબા, અંબાએ તને વધાવ્યો રે લોલ… કેસરિયો…

હરતો ને ફરતો આવ્યો રે પાવાગઢ (૨)

મા કાલીએ તને વધાવ્યો રે ગરબા (૨) ...કેસરિયો..

હરતો ને ફરતો આવ્યો પાવાગઢ (૨)
મા કાળિકાએ તને વધાવ્યો રે ગરબા (૨) ...કેસરિયો..

હરતો ને ફરતો આવ્યો શંખલપુર (૨)
મા બહુચરે તને વધાવ્યો રે ગરબા (૨) ...કેસરિયો..

હરતો ને ફરતો આવ્યો શહેરમાં (૨)
ગરબા મંડળે તને વધાવ્યો રે ગરબા (૨) ...કેસરિયો..

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો,

## છેલાજી રે... - અવિનાશ વ્યાસ

છેલાજી રે... મારે હાટુ પાટણથી પટોળાં મોઘાં લાવજો;
એમાં રૂડાં રે મોરલિયા ચિતરાવજો
પાટણથી પટોળાં મોંઘાં લાવજો — છેલાજી...

રંગ રતુંબલ કોર કસુંબલ,
પાલવ પ્રાણ બિછાવજો રે

પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી…

ઓલ્યા પાટણ શે’રની રે, મારે થાવું પદમણી નાર,
ઓઢી અંગ પટોળું રે, એની રેલાવું રંગધાર;
હીરે મઢેલા ચૂડલાની જોડ મોંઘ્રૂ મઢાવજો,
પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી…

ઓલી રંગ નીતરતી રે, મને પામરી ગમતી રે,
એને પહેરતાં પગમાં રે, પાયલ છમછમતી રે;
નથણી લવિંગિયાં ને ઝૂમખાંમાં મોંઘાં મોતી મઢાવજો રે,
પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી..

# જીરે જીરે ચૂંદડીએ ...

જીરે  જીરે ચૂંદડીએ રંગ લાગ્યો, હોવે હોવે ચૂંદડીએ  રંગ લાગ્યો ...
ખમ્મા ખમ્મા ચૂંદડીએ રંગ લાગ્યો, મારી અંબામાની ચૂંદડીએ રંગ લાગ્યો...
માની ચૂંદડીના ચટકા ચાર, ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ.

માના દર્શન કરવાનો મને રંગ લાગ્યો,
માનું મુખડું જોઇને મારો ભ્રમ ભાંગ્યો,
ચૂંદડીએ રંગ લાગ્યો. જીરે જીરે ચૂંદડીએ..
માને બાંયે બાજુબંધ બેરખાં, માને કંકણ રણકે હાથ,

ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..

માના લલાટે દામણી શોભતી, માની હડપચીએ હીરલા હાર,
ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..
માને કાંબી ને કડલાં શોભંતા, માને ઝાંઝરનો ઝણકાર,
ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..

માએ સોળે શણગાર અંગે ધર્યા, માના હૈયે હરખ ન માય,
ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..
માની ચૂંદડી છે રંગબેરંગી, અંબા ઓઢે આઠમની રાત,
ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..

માએ સિંહ ઉપર સવારી કરી, માએ ત્રિશૂળ લીધું હાથ,
ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..
મન મૂક્તા તે માના લાડિલા, એ તો ચૂંદડીનું ગીતડું ગાય,
ચૂંદડીએ રંગ લાગ્યો... જીરે જીરે ચૂંદડીએ..

## ઢોલીડા ઢોલ ધીમો વગાડ ના...

ઢોલીડા ઢોલ ધીમો ધીમો વગાડ ના, ધીમો વગાડ ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ટેક
ધ્રૂજે ના ધરણી તો રમઝટ કહેવાય ના, રમઝટ કહેવાય ના... રઢિયાળી...

પૂનમની રાતડી ને આંખડી ઘેરાય ના, આંખડી ઘેરાય ના...રઢિયાળી...
ચમકંતી ચાલ અને ઘૂઘરી ધમકાર, નૂપુરના નાદ સાથે તાલીઓના તાલ...
ગરબામાં ઘૂમતાં મને કોઇથી પહોંચાય ના, કોઇથી પહોંચાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમો...

હો... ઓ વાંકડિયા વાળ અને કેશકલાપ, મોગરાની વેણીમાં શોભે ગુલાબ,
નીરખું નીરખું ને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમો...

સોળે શણગાર સજી અવની પર આઇ, રમવાને રાસ આવ્યાં, અલબેલી માંય,
આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માય ના,

રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમો...

## દરિયો ડોલેરે માઝમ રાતનો...

દરિયો ડોલેરે માઝમ રાતનો,
ઝૂલે જાણે પારણે મારો વીર રે ! મધરાતે માતા

રોતા વીરાની દોરી તાણતી.
છલકે મોજાં ને છોળો મારતાં,
ખૂંદે જાણે ખોળલા મારો વીર રે ! મધરાતે માતા

આભમાંથી ચાંદો રેલે ચાંદની,
પાથરે જાણે વીરાના ઓછાડ રે ! મધરાતે માતા

રોતા વીરાની દોરી તાણતી.
ઝલકે ઝલકે રે જળમાછલી,
ઝલકે જાણે વીર મારાની આંખ રે ! મધરાતે માતા
ઊઘડે ઊઘડી ને બિડાય તારલા,
ઊઘડે જાણે મા-જાયાનાં નેન રે ! મધરાતે માતા

રોતા વીરાની દોરી તાણતી.
ઝબકે ઝબકે રે ઝીણી વીજળી,

ઝબકે જાણે સોણલે મારો વીર રે ! મધરાતે માતા

રોતા વીરાની દોરી તાણતી.

દરિયો ગાજે રે માઝમ રાતનો,

માવડી જાણે વીરને હાલાં ગાય રે ! મધરાતે માતા

રોતા વીરાની દોરી તાણતી.

દરિયો મલકે ને ડોલર ફીણ વળે,

મલકે જાણે વીર મારાનાં મુખ રે ! મધરાતે માતા

# મારે ટોડલે બેઠો મોર...

મારે ટોડલે બેઠો મોર, મોર ચ્યાં બોલે?
મારું હૈયું લીલા લે'ર, જનાવર જીવતો હાલ્યો જાય;
કે મોર ચ્યાં બોલે?

મારી કાંબિયું ઉપર મોર, મોર ચ્યાં બોલે?
મારા કડલે બડી લે'ર, જનાવર જીવતો હાલ્યો જાય;
કે મોર ચ્યાં બોલે?

મારી ચોરસી ઉપર મોર, કે મોર ચ્યાં બોલે?
મારી ચૂડીએ બડી લે’ર, જનાવર જીવતો હાલ્યો જાય;
કે મોર ચ્યાં બોલે?

મારે ટોડલે બેઠો મોર મોર ચ્યાં બોલે?
મારી ટીલડીએ બડી લે’ર, જનાવર જીવતો હાલ્યો જાય;
કે મોર ચ્યાં બોલે?

મારી નથડી ઉપર મોર, મોર ચ્યાં બોલે?
મારી ટીલડીએ બડી લે’ર, જનાવર જીવતો હાલ્યો જાય;
કે મોર ચ્યાં બોલે?

મારે ટોડલે બેઠો મોર, મોર ચ્યાં બોલે?
મારું હૈયું લીલા લે'ર, જનાવર જીવતો હાલ્યો જાય;
કે મોર ચ્યાં બોલે?

## સોના વાટકડી રે.....

સોના વાટકડી રે, કેસર ઘોળ્યાં, વાલમીઆ !
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં, વાલમીઆ !

પગ પરમાણે રે કડલાં સોઈં,વાલમીઆ !

કાંબીયુંની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમીઆ !

હાથ પરમાણે રે ચૂડલો સોઈં, વાલમીઆ !
ગૂજરીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમીઆ !

ડોક પરમાણે રે દાણિયું સોઈં, વાલમીઆ !
તુળસીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમીઆ !

નાક પરમાણે રે નથડી સોઈં, વાલમીઆ !
ટીલડીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં, વાલમીઆ !

કાન પરમાણે રે ઠોળિયાં સોઈં, વાલમીઆ !
વેળિયાંની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં , વાલમીઆ !

કેડ પરમાણે રે ઘાઘરો સોઈં, વાલમીઆ !
ઓઢણીની બબ્બે જોડ્ય, રંગમાં રોળ્યાં , વાલમીઆ !

## હો રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ...

હો રંગરસિયા ક્યાં રમી આવ્યા રાસ જો,
આ આંખલડી રાતીને ઉજાગરો ક્યાં રે કીધો.

આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો,
આ ચુડલિયું રે મૂલવતા વ્હાણલાં વાઇ ગયાં.

આજ અમે ગ્યા'તા દોશીડાને હાટ જો,
આ ચૂંદલડી રે મૂલવતા વ્હાણલાં વાઇ ગયાં.

આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો,
આ નથણિયું રે મૂલવતા વ્હાણલાં વાઇ ગયાં.

આજ અમે ગ્યા'તા માળીડાને હાટ જો,

આ વેણિયું રે મૂલવતા વ્હાણલાં વાઇ ગયાં.

આજ અમે ગ્યા’તા મોચીડાને હાટ જો,
આ મોજડિયું રે મૂલવતા વ્હાણલાં વાઇ ગયાં.

આજ અમે ગ્યા’તા માનિનીને મ્હોલ જો,
આમાનિનીને મનાવતા વ્હાણલાં વાઇ ગયાં.

# મેંદી તે વાવી માળવે.....

મેંદી તે વાવી માળવે, એનો રંગ ગિયો ગુજરાત.. મેંદી રંગ લાગ્યો રે.

નાનો દેરીડો લાડકો ને, કંઇ લાવ્યો મેંદી કેરા છોડ. — મેંદી રંગ લાગ્યો રે.

વાટી ઘૂંટીને ભર્યા વાડકા, ભાભી રંગો તમારા હાથ. — મેંદી રંગ લાગ્યો રે.

લાખ ટકા આલું રોકડા, કોઇ જાવ જો દરિયાપાર. — મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે’જો, તારી બેની પરણે ઘેર આવ્ય. — મેંદી રંગ લાગ્યો રે.

બેની પરણે તો ભલે પરણે, એની ઝાઝા દી રોકજો  જાન. — મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે’જો, તારો વીરો પરણે ઘરે આવ્ય. — મેંદી રંગ લાગ્યો રે.

વીરો પરણે તો ભલે પરણે, એની જાડેરી જોડજો જાન. — મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે'જો, તારી માડી મરે ઘરે આવ્ય. — મેંદી રંગ લાગ્યો રે.

માડી મરે તો ભલે મરે, એને બાળજો બોરડી હેઠ. — મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઇ એટલું કે'જો, તારી માનેતીની ઊઠી આંખ. — મેંદી રંગ લાગ્યો રે.

હાલો સિપાઇઓ હાલો ભાઇબંધીઓ, હવે હલકે બાંધો હથિયાર. — મેંદી રંગ લાગ્યો રે.

# મારી મેંદીનો રંગ ઊડી જાય રે…

મારી મેંદીનો રંગ ઊડી જાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારો કંકુનો ચાંદલો ચોળાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારી વેણી લાખેણી કરમાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારાં કાજળ નેણેથી ઝરી જાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારી ચૂડી અણમોલી તરડાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારે સેંથેથી હીંગળો રેળાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારી પાની સુંવાળી બળી જાય રે,

સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

મારા કેમે નો પંથ પૂરા થાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

જેને શોધું તે દૂર સરી જાય રે,
સૂરજ ! ધીમા તપો, ધીમા તપો !

## લટકે હાલો રે નંદલાલજી !

લટકે હાલો રે નંદલાલજી !
ગોરી લટકાનાં નહિ મૂલ; લટકે હાલો જી ?

ઉજળા રંધાવું રૂડા ચોખલા રે,
ગોરી, તેની રંધાવું ખીર; લટકે હાલો જી ?

પ્રથમ જમાડું પિયુ પાતળો રે,
ગોરી, સગી નણંદનો વીર; લટકે હાલો જી ?

દૂધડે વરસાવું રૂડા મેહુલા રે,
ગોરી, તારે આંગણે રેલમછેલ; લટકે હાલો જી ?

આંગણે વવરાવું લવિંગ એલચી રે,
ગોરી, તારે ટોડલે નાગરવેલ; લટકે હાલો જી ?

લટકે હાલો રે નંદલાલજી !
ગોરી, લટકાનાં નહિ મૂલ; લટકે હાલો જી ?

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

અક્ષરનાદ.કોમ

# ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ